આજથી અણ્ણા હજારે લોકપાલના મુદ્દે ફરી અનશન પર

નવી દિલ્હી, તા.૨૮

ટીમ અણ્ણાના અચોક્કસ મુદ્દતના અનશનને લોકો તરફથી નબળો પ્રતિસાદ મળી રહ્યો હોવા છતાં આની ચિંતા કર્યા વગર સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણ્ણા હજારે આજે ફરી એકવાર લોકપાલના મુદ્દે આવતીકાલથી અચોક્કસ મુદ્દતના અનશન પર જવાની ધમકી આપી દેતા ફરી એકવાર દેશમાં અણ્ણા તરફી માહોલ જામે તેવી શક્યતા છે. રવિવારથી ટીમ અણ્ણાના બાકીના સભ્યો સાથે અણ્ણા પણ અનશન ઉપર બેસવાની જાહેરાત કરી ચુક્યા છે. અણ્ણા હજારેએ જાહેરાત કરી છે કે જો જીવિત રહેશે તો ફરી દેશભરમાં ફરીને લોકોમાં જાગૃતી જગાવવા પ્રયાસ કરશે. અણ્ણા હજારેએ ભાજપ અને કોંગ્રેસ બન્નેની ઝાટકણી કાઢતાં જણાવ્યું હતું કે દેશનું ભાવી તેમના હાથમાં સુરક્ષિત દેખાઈ રહ્યું નથી. પરંતુ તેમણે કહ્યું હતું કે તેઓ પોતે ચુંટણી લડશે નહીં. લોકો દ્વારા સ્વચ્છ પ્રતિષ્ઠા ધરાવતા ઉમેદવારોની પસંદગી કરવામાં આવે તે માટે તેઓ ઝુંબેશ ચલાવશે. લોકપાલના મુદ્દે વારંવાર તેમની સાથે વિશ્વાસઘાત કરવાનો સરકાર પર અણ્ણાએ આક્ષેપ કર્યો હતો અને કહ્યું હતું કે સરકાર દ્વારા વારંવાર વિશ્વાસઘાત કરવાના કારણે જ તેઓને

વારંવાર અનશન પર જવાની ફરજ પડી રહી છે. જે સારી બાબત નથી. હજારેએ કહ્યું હતું કે જન લોકપાલના મામલે તેઓ અનશન કરવા જઈ રહ્યા છે. જ્યાં સુધી જન લોકપાલ મળશે નહીં ત્યાં સુધી અનશન ચાલશે. તેમની માંગ અંગે નિર્ણય લેવા સરકારને આપવામાં આવેલી ચાર દિવસની મહેતલ આજે પુરી થઈ ચુકી છે. બપોરમાં એક હજારથી વધુ લોકોને સંબોધતા અણ્ણાએ કહ્યું હતું કે આક્રમક લડત ચલાવવામાં આવશે. આગામી લોકસભાની ચુંટણી માટે રાજકીય વિકલ્પ અંગે પુછવામાં આવતાં ૭૪ વર્ષીય નેતાએ કહ્યું હતું કે જો સારા લોકો સંસદમાં પ્રવેશ કરશે નહીં તો સિસ્ટમમાં ફેરફાર થશે નહીં. દેશને ક્યારેય પણ મજબુત લોકપાલ મળશે નહીં. મત માટે ૧૫૦૦૦થી ૨૦૦૦૦ અથવા તો ૩૦૦૦૦ આપી દેવામાં આવે છે. ચુંટાઈ આવેલા લોકો નાણાં બનાવી રહ્યા છે. તેઓ જાણતા નથી કે આ નાણાં ક્યા મુકવામાં આવશે. જેથી આ નાણાં વિદેશમાં મોકલવામાં આવી રહ્યા છે. મતદારોને જાગી જવાનો સમય આવી ગયો છે. કેટલાક લોકોનું કહેવું છે કે અમને વિકલ્પ આપવો જોઈએ અને પક્ષની રચના કરવી જોઈએ. વિધાનસભાની ચુંટણી માટે એક ઉમેદવાર દ્વારા ૧૫થી ૨૦ કરોડ ખર્ચ કરવામાં આવે છે. લોકસભા ચુંટણી માટે ૫૦ કરોડ ખર્ચ કરવામાં આવે છે. જો કે હજારેએ કહ્યું હતું કે તેઓ ચુંટણી લડવા લોકોની પસંદગી કરવા લોકોને અનુરોધ કરવાના હેતુસર દેશનો પ્રવાસ કરશે.

અણ્ણાએ શું કહ્યું.....

- દેશનું ભાવિ ભાજપ અને કોંગ્રેસના હાથમાં સુરક્ષિત નથી
- તેઓ પોતે ચુંટણી નહીં લડે પરંતુ લોકોના ઉમેદવારને ઉતરાવામાં આવશે
- વારંવાર વિશ્વાસઘાતના કારણે અનશન ઉપર ઉતરવાની ફરજ પડી રહી છે
- વારંવાર અનશનની બાબત સારી નહીં હોવાની કબુલાત
- જ્યાં સુધી જન લોકપાલ નહીં મળે ત્યાં સુધી અનશન ચાલશે
- જ્યાં સુધી સારા લોકો સંસદમાં પ્રવેશ કરશે નહીં ત્યાં સુધી વ્યવસ્થામાં ફેરફાર થશે નહીં
- મત માટે મતદારોને ૧૫થી ૨૦ હજાર આપી દેવાય છે
- ચુંટાઈ આવ્યા બાદ જંગી નાણાં ઉભા કરવામાં આવે છે અને વિદેશમાં નાણાં મોકલી દેવાય છે
- મતદારોને જાગી જવાનો સમય આવી ગયો છે.

જમ્મુ કાશ્મીરમાં એન્ટોની દ્વારા પરિસ્થિતીની સમીક્ષા

શ્રીનગર,તા.૨૮

સરંક્ષણ મંત્રી એકે એન્ટોની આજે બે દિવસની યાત્રા પર જમ્મુ કાશ્મીર પહોંચ્યા હતા. કાશ્મીર ખીણમાં પહોંચ્યા બાદ તેઓએ સુરક્ષા પરિસ્થિતી પર ચર્ચા વિચારણાનો દોર હાથ ધર્યો હતો. એન્ટોની અગ્રીમ મોરચા પર તેનાત કરવામાં આવેલા સુરક્ષા જવાનો સાથે પણ વાતચીત કરી રહ્યા છે. એન્ટોની સાથે સેના પ્રમુખ જનરલ વિક્રમસિંહ અને સરંક્ષણ સચિવ શશીકાન્ત શર્મા પણ પહોંચ્યા છે. વિમાની મથકે તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. એન્ટોનીએ ખીણમાં હાલ પ્રવર્તી રહેલી સ્થિતી પર સમીક્ષા કરી હતી. છેલ્લા ૧૮ મહિનામાં એન્ટોનીની જમ્મુ કાશ્મીરની આ પ્રથમ યાત્રા છે. એન્ટોની પ્રદેશના રાજ્યપાલ એનએન વોરા અને મુખ્યમંત્રી ઓમર અબ્દુલા સાથે પણ વાતચીત કરી ચુક્યા છે. તેમની યાત્રાને ખુબ જ મહત્વપુર્ણ ગણવામાં આવે છે. એન્ટોની આવતીકાલે પરત દિલ્હી પહોંચશે. જમ્મુ કાશ્મીરમાં હાલ આતંકવાદી હિંસા ઘટી છે. જો કે એન્ટોનીની યાત્રા પહેલા જ આજે આતંકવાદીઓ ગ્રેનેડ ઝીંકતા બે પ્રવાસીના મોત થયા હતા અને અન્ય ચાર ઘાયલ થયા હતા. એન્ટોની પહેલાથી જ સુરક્ષા જવાનોની પ્રશંસા કરી ચુક્યા છે.

આસામ હિંસા વડાપ્રધાને કોકરાઝારની મુલાકાત લીધી

કોકરાઝાર,તા.૨૮

વડાપ્રધાન મનમોહનસિંહ આજે હિંસાગ્રસ્ત આસામમાં પહોંચ્યા હતા. તેઓએ કોકરાઝારની મુલાકાત લીધી હતી. આસામના બીટીએડી અને હુબરી જિલ્લામાં હિંસાને અંકુશમાં લેવામાં શરૂઆતમાં મુશ્કેલી નડી હતી તેમ જણાવીને સિંહે કહ્યું હતું કે કેન્દ્ર અને રાજ્ય સરકાર સ્થિતીને સામાન્ય બનાવવા બનતા તમામ પગલા લેશે. ભોગ બનેલા લોકોને રાહત આપવા માટે પણ પગલાં લેવામાં આવી રહ્યા છે. વડાપ્રધાને રાહત અને પુનઃ વસવાટ માટે ૩૦૦ કરોડની સહાય જાહેરાત કરી હતી. અસરગ્રસ્ત વિસ્તારો માટે આ નાણાં જાહેર કરવામાં આવ્યા છે. વડાપ્રધાને હિંસાગ્રસ્ત વિસ્તારોના વિકાસ માટે ખાસ યોજના સહાય હેઠલ રૂપિયા ૧૦૦ કરોડ અને તાત્કાલીક રાહત તરીકે ૧૦૦ કરોડની ખાસ મદદની જાહેરાત કરી છે. વડાપ્રધાને કોકરાઝારની મુલાકાત લીધી હતી. જો કે આમાં વિલંબ થયો હતો. ટેકનિકલ સમસ્યા સર્જાતા વડાપ્રધાનને ગુવાહાટી પરત ફરવાની ફરજ પડી હતી. તેમના હેલિકોપ્ટરમાં તકલીફ સર્જાઈ હતી. ત્યારબાદ તેઓ આઈએએફના હેલિકોપ્ટરમાં રવાના થયા હતા. વડાપ્રધાનની સાથે રાજ્યપાલ જાનકી

વલ્લભ પટનાયક, મુખ્યમંત્રી તરુણ ગોગોઈ, એઆઈસીસીની જનરલ સેક્રેટરી દિગ્વિજયસિંહ અને એપીસીસીના પ્રમુખ ભુવનેશ્વર કાલીખા પણ હતા. મનમોહનસિંહ માત્ર એકજ રાહત કેમ્પમાં જઈ શક્યા હતા. વડાપ્રધાને કોકરાઝાર કોમર્સ કોલેજમાં રાહત કેમ્પ ખાતે લોકોને મળ્યા બાદ કહ્યું હતું કે જે કે કંઈ પણ બન્યું છે ખુબ જ દુખદ છે. કટોકટીના સમયમાં તેઓ લોકોના દુખમાં ભાગીદાર થવા માટે આવ્યા છે. કયા કારણસર હિંસા થઈ તે અંગે પુછવામાં આવતા તેમણે કહ્યું હતું કે આ ખુબ જ જટીલ મુદ્દો છે. શાંતિ સ્થાપીત થયા બાદ આ મામલે ચકાસણી કરાશે. તમામ ભારતીય લોકોએ સાથે મળીને રહેવાની જરૂર છે. એકબીજા સામે આક્ષેપો અને વળતા આક્ષેપોનો સમય છે. અમારી પ્રાથમિકતા શાંતી સ્થાપીત કરવાની છે. તમામ અસરગ્રસ્ત લોકોને જરૂરી સુવિધા અપાસે. વડાપ્રધાનની યાત્રામાં આંશીક વિલંબ થયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે આસામમાં વ્યાપક હિંસામાં મોતનો આંકડો ૫૦ પહોંચી ગયો છે. લાખો લોકોને અસર થઈ છે. ૨ રમી જુલાઈ બાદથી બોર્ડો અને લઘુમતી સમુદાય વચ્ચે હિંસા ચાલી રહી છે. અગાઉ સિંહનું હેલિકોપ્ટર પરત ફર્યું હતું કારણ કે તેમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી.

જ્વાલા ગુટ્ટાની જોડી હારી જતાં બેડમિન્ટનમાં નબળી શરૂઆત

લંડન,તા.૨૮

ઓલિમ્પિક મહાકુંભની ભવ્ય શરૂઆત થઈ ચુકી છે. ઓલિમ્પિક રમત ઉત્સવના પ્રથમ દિવસે ભારતને નિરાશા હાથ લાગી હતી. ભારતની શરૂઆત નિરાશાજનક રહી છે. બેડમિન્ટનમાં ઓલિમ્પિક અભિયાનની નિરાશાજનક શરૂઆત થતાં ચાહકોને શરૂઆતમાંજ ફટકો પડ્યો છે. સ્ટાર બેડમિન્ટન ખેલાડી જ્વાલા ગુટ્ટા અને વી ડીજુની જોડીની મીક્સ ડબલ્સ જોડી આજે શરૂઆતી ગ્રુપ મેચમાં ઈન્ડોનેશીયાની તોન્ગોવી અહમદ અને લીલીયાના નાતસીરની જોડી સામે સીધા સેટોમાં હારી ગઈ હતી. જ્વાલા અને ડીજુની જોડીની માત્ર ૨૫ મિનિટમાં ૧૬-૨૧, ૧૨-૨૧થી હારી ગઈ હતી. એક તરફી મેચમાં જ્વાલા અને ડીજુ ગ્રુપ-સીની આ મેચમાં એકપણ વખત લીડ મેળવી શકી ન હતી. ભારતીય જોડી હવે આવતીકાલે આગામી મેચમાં થોમસ લેબોર્ન અને કામિલા રેટર જુલમી ડેનમાર્કની જોડી સામે ટકરાશે. દરેક ગ્રુપમાંથી બેટોચની ટીમો ક્વોટર ફાઈનલ માટે ક્વોલીફાય થશે. બીજીબાજુ બેડમિન્ટનની સાથે સાથે તિરંદાજીમાં પણ ભારતને નિરાશા હાથ લગી હતી. પ્રી ક્વોટર ફાઈનલ મેચમાં ભારતની

પુરૂષોની તિરંદાજી ટીમ ફેંકાઈ ગઈ હતી. લોર્ડસ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે પ્રી ક્વોટર ફાઈનલ સ્પર્ધા યોજાઈ હતી. જાપાની હરિફ સામે ભારતીયોનો કંગાલ દેખાવ રહ્યો હતો. જયંત તાલુકદાર, રાહલુ બેનર્જી અને તરુણદિપ રાય ગઈકાલે રેન્કિંગ રાઉન્ડમાં ૧૨ માં સ્થાને રહી હતી. આ ત્રિપુટી હવે વ્યક્તિગત ઈલિમિનેશન રાઉન્ડમાં રમશે. સોમવારના દિવસે ઈલિમિનેશન રાઉન્ડનમાં રમશે. તમામ નજરો હવે ભારતની મહિલા ટીમ ઉપર કેન્દ્રિત થઈ ગઈ છે જે આવતીકાલે ડેનમાર્ક સામે ઈલિમિનેટરમાં રમશે. મહિલા ટીમ ગઈકાલે પ્રાથમીક રાઉન્ડ બાદ નવમાં સ્થાને રહી હતી. ઓલિમ્પિક રમતોત્સવ ભારત પાસેથી પણ સારા દેખાવની અપેક્ષા રાખવામાં આવી છે. ભારતીય પુરૂષ ટીમ જાપાન સામે હારી ગઈ છે.

બેડમિન્ટનમાં કશ્યપની યુહાન સામે ભવ્ય જીત

લંડન ઓલિમ્પિક્સમાં નિરાશાજનક શરૂઆત થયા બાદ રાત્રે ભારત તરફથી બેડમિન્ટનમાં કશ્યપે સારી આશા જગાવી છે. કશ્યપે પુરૂષોની સિંગલ્સમાં તેની પ્રથમ મેચમાં બેલ્જિયમના યુહાન પર ૨૧-૧૪ અને ૨૧-૧૨થી જીત મેળવી હતી. પ્રથમ સેટમાં નજીકની સ્પર્ધા થયા બાદ બીજા સેટમાં ભારતીય ખેલાડી કશ્યપ છવાઈ ગયો હતો. આની સાથે જ ભારતીય ટુકડીની આ પ્રથમ જીત છે. કશ્યપ હવે વિશ્વમાં ૧૦માં ક્રમાંકિત ખેલાડી વિયતનામના શક્તિશાળી ખેલાડી સામે રમશે.

બીજા દિવસે થાપા, વિજેન્દર અને સાનિયા પર નજર રહેશે

લંડન,તા.૨૮

લંડન ઓલિમ્પિકમાં પ્રથમ દિવસે નિરાશાજનક દેખાવ કર્યા બાદ આવતીકાલે પણ જુદા જુદા વર્ગમાં ભારતીય ટીમ મેદાનમાં ઉતરશે. બીજા દિવસે વિજેન્દર સિંહા, શિવ થાપા અને સાનિયા મિર્ઝા ઉપર તમામ ચાહકોની નજર રહેશે. એક બાજુ બેજિંગ ઓલિમ્પિકમાં કાંસે ચંદ્રક જીતનાર વિજેન્દરસિંહ ૭૫ કિલોગ્રામ અને શિવ થાપા ૫૬ કિલોગ્રામ વર્ગમાં મેદાનમાં ઉતરશે. આ બન્ને ખેલાડીઓ એક્સેલ એરેના ખાતે મેદાનમાં ઉતરશે. વિજેન્દર ૭૫ કિલોગ્રામ વર્ગમાં પ્રથમ રાઉન્ડમાં કજાકિસ્તાનના દાનાબેક સુજાનોવ સામે રમશે. જ્યારે થાપા ૫૬ કિલોગ્રામ વર્ગનો મેક્સિકોના ઓસ્કાર સામે મેદાનમાં ઉતરશે. ૬૯ કિલોગ્રામ વર્ગમાં વિકાસ કૃષ્ણન મેદાનમાં છે. બીજીબાજુ બીજા દિવસે તિરંદાજીમાં પુરૂષોની ક્વોટર ફાઈનલ, સેમી ફાઈનલ, ફાઈનલ મેચ રમાશે. પુરૂષોના તિરંદાજોના પ્રથમ દિવસે નિરાશાજનક દેખાવ બાદ ચંદ્રકની આશા રહેલી છે. બીજીબાજુ ભારતીય બેડમિન્ટન ખેલાડી પુરૂષોની સિંગલ્સ, મહિલાઓની ડબલ્સ અને

મિક્સ ડબલ્સ સ્પર્ધામાં વેમ્બલે એરેના ખાતે તેમના અભિયાનની શરૂઆત થશે. પુરૂષોના સિંગલ્સ ગ્રુપ સ્ટેજમાં પી. કશ્યપ બેલ્જિયમના યુહાન તાન સામે રમશે. જ્યારે મિક્સ ડબલ્સમાં જ્વાલ ગુટ્ટા અને વી ડીજુ ગ્રુપ-સીની મેચમાં ઈન્ડોનેશિયન જોડી સામે રમશે. ટેનિસમાં પણ ભારતીય ટીમ આવતીકાલે તેની શરૂઆત કરશે. સાનિયા મિર્ઝા અને રશ્મી ચક્રવર્તીની જોડી તાઈપેઈની જોડી સામે મેદાનમાં ઉતરશે. ટેબલ ટેનિસમાં આવતીકાલે પુરૂષો અને મહિલા સિંગલ્સના પ્રથમ રાઉન્ડની મેચમાં સોમયાજીત ઘોષ અને અંકિતા દાસ રમશે. જ્યારે વેટ લિફ્ટીંગમાં સોનિયા ચાનુ ૪૮ કિલોગ્રામ વર્ગમાં ભાગ લેશે. રોવિંગ અને શુટીંગ સ્પર્ધામાં પણ ભારતીય ખેલાડીઓ ભાગ લેશે. શુટીંગમાં તમામ લોકોની નજર વિજયકુમાર પર રહેશે. વિજયકુમાર ૧૦મીટરની એર પિસ્તોલમાં ભાગ લેશે.

કાશ્મીરમાં ગ્રેનેડ હુમલામાં બે પ્રવાસીઓના મોત થયા

શ્રીનગર,તા.૨૮

જમ્મુ કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં અલગતાવાદી હુમલામાં બે પ્રવાસીના મોત થયા છે અને અન્ય ચાર લોકો ઘાયલ થયા છે. પોલીસ અધિકારીએ માહિતી આપતાકહ્યું હતું કે આતંકવાદીઓએ શ્રીનગરથી આશરે ૪૫ કિલોમીટરના અંતરે સ્થિત બીજબહેરા શહેરમાં પ્રવાસીઓને લઈ જતી ટાવેરા ટેક્સી પર હુમલો કરી દીધો હતો. ટેક્સી ઉપર ગ્રેનેડ ઝીંકવામાં આવતા પ્રવાસીઓના મોત થયા હતા. વાહન પર ગ્રેનેડ પડતા પ્રચંડ બ્લાસ્ટ થયો હતો. જેમાં બે પ્રવાસીના મોત થઈ ગયા હતા. અન્ય ચાર લોકો ઘાયલ થયા હતા. ઘાયલ થયેલા લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બનાવ બન્યા બાદ સમગ્ર વિસ્તારને સીલ કરીને વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી. સંરક્ષણ પ્રધાન એકે એન્ટોની રાજ્યમાં સુરક્ષા પરિસ્થિતીની સમિક્ષા કરવા શ્રીનગરમાં પહોંચ્યા છે ત્યારે આ બનાવ બન્યો હતો. ગ્રેનેડ હુમલા બાદ તંત્રમાં પણ ભારે ચર્ચા રહી હતી. એન્ટોની સુરક્ષા પરિસ્થિતી ઉપર ટોચના અધિકારીઓ સાથે ચર્ચા કરી રહ્યા છે. જમ્મુ કાશ્મીરમાં હાલમાં સુરક્ષા સ્થિતીમાં ઉલ્લેખનીય સુધારો થઈ રહ્યો છે ત્યારે આજના ગ્રેનેડ હુમલાથી ફરી એકવાર તંત્ર સાવધાન થઈ ગયું છે. કેટલાક લોકોનું કહેવું છે કે રાજ્યમાં હજુ પણ કેટલાક આતંકવાદીઓ સક્રિય થયેલા છે.

મોદીનો ઈન્ટરવ્યુ લેનાર સમાજવાદી પાર્ટીના નેતા શાહીદ સિદ્દીકીની હકાલપટ્ટી

લખનૌ,તા.૨૮

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનો ઈન્ટરવ્યુ લેનાર સમાજવાદી પાર્ટીના નેતા શાહીદ સિદ્દીકીની હકાલપટ્ટી કરી દેવામાં આવી છે. સમાજવાદી પાર્ટીએ સિદ્દીકીને પક્ષમાંથી કાઢી મુક્યા છે. પાર્ટીના નેતા રામગોપાલ યાદવે આજે સવારે કહ્યું હતું કે મિડીયાના લોકો શાહીદ સિદ્દીકીને સતત સમાજવાદી પાર્ટીના પ્રવક્તા તરીકે ગણાવી રહ્યા છે. પરંતુ શાહીદ સિદ્દીકી સમાજવાદી પાર્ટીમાં નથી જેથી પ્રવક્તા હોવાનો પ્રશ્ન નથી. સમાજવાદી પાર્ટીએ એક યાદી જારી કરીને કહ્યું છે કે પક્ષ તરફથી ચાર જ નેતા જાહેરમાં નિવેદન આપશે અથવા તો મિડીયામાં પક્ષની પ્રતિક્રિયા આપશે. આ યાદીમાં પાર્ટીના વડા મુલાયમસિંહ યાદવ, અખિલેશ યાદવ, રામગોપાલ યાદવ અને પક્ષના વરિષ્ઠ પ્રવક્તા રાજેન્દ્ર ચૌધરીના નામ

સામેલ છે. રામગોપાલ યાદવનું કહેવું છે કે શાહીદ સિદ્દીકી મોદીની પાછળ જઈ રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે થોડાક દિવસ પહેલા ઉર્દૂ અખબાર નઈ દુનિયાના એડિટર તરીકે શાહીદ સિદ્દીકીએ નરેન્દ્ર મોદીને મળીને એક વિસ્તૃત ચર્ચા પ્રકાશિત કરી હતી જેમાં મોદીએ સાફ શબ્દોમાં કહ્યુ હતું કે જો તેઓ ગુજરાત હિંસામાં દોષિત છે તો ફાંસી આપી દેવામાં આવે. આ ઈન્ટરવ્યુ મારફતે મુખ્યમંત્રીએ દેશના મુસ્લિમોના નામે એક સંદેશ જારી કરીને કહ્યુ હતું કે માત્ર વોટ બેંક બનીને મુસ્લિમોએ રહેવુ જોઈએ નહીં. મોદીના આ ઈન્ટરવ્યુને મુસ્લિમોમાં તેમની પ્રતિષ્ઠા સુધારવાના પ્રયાસ તરીકે જોવામાં આવ્યો છે. શાહીદ સિદ્દીકીની હકાલપટ્ટીને લઈને રાજકીય વર્તુળોમાં આને લઈને ચર્ચા ચાલી રહી છે. સમાજવાદી પાર્ટીના સભ્ય તરીકે સિદ્દીકી નથી જેથી તેમની હકાલપટ્ટીનો પ્રશ્નો નથી. તેઓ ખુલાસો રામગોપાલ યાદવે કર્યો છે. રામગોપાલ યાદવે કહ્યું છે કે શાહીદ સિદ્દીકીએ બહુજન સમાજ પાર્ટી તરફથી બિઝનોરમાંથી લોકસભાની ચૂંટણી લડી હતી.

સપા તરફથી ચુંટણી લડી ન હતી. સિદ્દીકી છ પાનાના સામાહિકના માલિક છે. મોદીના ઈન્ટરવ્યુને લઈને હાલ ભારે ચર્ચા રહી છે. બોલિવુડની બે સેલિબ્રિટી મહેશ ભટ્ટ અને સલીમ ખાન સાથે મુંબઈમાં વાતચીત બાદ સિદ્દીકીએ મોદીની વિસ્તૃત વાતચીત પ્રકાશિત કરી હતી.

માયાવતીની પ્રતિમા તોડી પાડનારની ધરપકડ કરાઇ

લખનૌ,તા.૨૮

ઉત્તર પ્રદેશના ભુતપુર્વ મુખ્યમંત્રી અને બહુજન સમાજ પાર્ટીના નેતા માયાવતીની પ્રતિમાને તોડી પાડવાના સંબંધમાં મુખ્ય આરોપી સહિત વધુ ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ ધરપકડની સાથે જ આ બનાવના સંબંધમાં ધરપકડ કરવામાં આવેલા લોકોની સંખ્યા વધીને છ ઉપર પહોંચી ગઈ છે. ઓછા જાણિતા સંગઠન ઉત્તર પ્રદેશ નવ નિર્માણ સેનાના રાષ્ટ્રિય પ્રમુખ અમીત જાની અને તેના સાથી રાજેન્દ્રસિંહ ચૌધરી ઉર્ફે ફરારીની દિલ્હી-ઉત્તર પ્રદેશ સરહદ પર એક મોલ નજીકથી ધરપકડ કરવામાં આવી છે. ઉત્તર પ્રદેશ સ્પેશ્યલ ટાસ્ક ફોર્સ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. જ્યારે ગ્રુપના રાજ્ય પ્રમુખ કાસીમ ચૌધરીની ગોમતીનગર વિસ્તારમાંથી ધરપકડ કરવામાં આવી છે. કાસીમ આ બનાવમાં સંડાવાયેલો હતો. ગ્રેનેડ સાથેના તેના ફોટા લઈ લેવામાં આવ્યા હતા. લખનૌના આઈજી આશુતોષ પાન્ડેએ માહિતી આપતાં કહ્યું હતું કે અનુસુચિત જાતી અને અનુસુચિત જનજાતી માટેના રાષ્ટ્રીય પંચે ઉત્તર પ્રદેશ સરકાર પાસેથી માંગણી કરી છે. માયાવતીની મારબલની પ્રતિમાને નુકશાન પહોંચાડવામાં આવ્યું હતું. કમિશને આ બનાવની નોંધ લીધી છે. અગાઉ લખનૌમાં આંબેડકર પાર્કમાં માયાવતીની પ્રતિમાને નુકશાન પહોંચાડવામાં આવ્યું હતું. આ સમગ્ર પ્રક્રિયા યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવ્યું હતું. કેટલાક અધિકારીઓ પણ તપાસ પર નજર રાખી રહ્યા હતા. તોડી પાડવામાં આવેલી પ્રતિમાને વ્યવસ્થિત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

સીઆરઆરમાં ૫૦ બેઝિક પોઈન્ટનો કાપ મુકવા તૈયારી

નવી દિલ્હી,તા.૨૮

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ચેરમેન પ્રતિપ ચૌધરીએ કહ્યુ છે કે રિઝર્વ બેંક મંગળવારના દિવસે તેની પ્રથમ ત્રિમાસીક નાણાકીય નિતિ સમીક્ષામાં કેશ રિઝર્વ રેસિયો (સીઆરઆર)માં ૫૦ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરી શકે છે. આ ઉપરાંત આરબીઆઈ હાલ ધીમી પડેલી વિકાસની ગતિને ઝડપી બનાવવા કેટલાક નવા પગલાની જાહેરાત કરી શકે છે. તેમણે કહ્યુ છે કે લિક્વિડીટીની સ્થિતિને ધ્યાનમાં લઈને ધ્યાન આપવાની જરૂર છે. આરબીઆઈની નિતિ ઉપર શેરબજાર અને ઉદ્યોગ જગતની નજર કેન્દ્રીત થઈ ગઈ છે. હાલમાં સીઆરઆર ૪.૭૫ ટકા છે. આરબીઆઈએ જાન્યુઆરીમાં ૫૦ બેઝિક પોઈન્ટનો અને માર્ચ મહિનામાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કર્યો હતો જ્યારે એપ્રિલ અને જુનમાં પોલીસી જાહેરાતોમાં સીઆરઆરમાં કોઈ ફેરફાર કર્યો ન હતો. ચૌધરીએ કહ્યુ હતુ કે બેડ લોનમાં ઝડપની ગતિ આ નાણાકીય વર્ષમાં ધીમી પડી છે જ્યારે ડિપોઝીટ ગ્રોથમાં સ્થિતિ મજબૂત બની છે. પરંતુ લોનની ગતિ ધીમી પડી છે. ઉંચા વ્યાજદરના કારણો લોન લેનારાઓની સંખ્યામાં ઘટાડો થયો છે. એસબીઆઈ પોતે આઠમી ઓગસ્ટના દિવસે તેના પ્રથમ ત્રિમાસીક ગાળાના પરિણામ જાહેર કરનાર છે. ગઈકાલે એસબીઆઈએ ડોલરના પ્રભુત્વવાળા બોન્ડ મારફતે પાંચ વર્ષ માટે ૧.૨૫ ડોલરની રકમ ઉભી કરી હતી.

નેપાળમાં અકસ્માતમાં ૧૫ લોકોના કરૂણ મોત

કાઠમંડુ,તા.૨૮

નેપાળના પાલપા જિલ્લામાં આજે સવારે થયેલા અકસ્માતમાં ઓછામાં ઓછા ૧૫ના મોત થયા હતા. અને અન્ય અનેક લોકો ઘાયલ થયા હતા. અગાઉ એવા અહેવાલ આવ્યા હતા કે આ અકસ્માતમાં મૃત્યુ પામેલા તમામ લોકો ભારતીઓ છે જો કે મોડેથી પોલીસે અહેવાલમાં સુધારો કરીને કહ્યું હતું કે મૃત્યુ પામેલાઓમાં ૧૪ નેપાળી લોકો છે અને એક ભારતીય છે. શરૂઆતમાં ૧૫ ભારતીઓના મોતના અહેવાલ આવ્યા બાદ તેમા કલાકોના ગાળામાં સુધારો કરવામાં આવ્યો હતો. કાઠમંડુમાં ભારતીય દુતાવાસે પણ કહ્યુ હતુ કે ભોગ બનેલાઓમાં માત્ર એક જ ભારતીય છે. મૃત્યુ પામેલાઓમાં ૮ મહિલાઓ અને ૨ પુરુષો અને ચાર બાળકોનો સમાવેશ થાય છે. દુર્ઘટનાગ્રસ્ત જીપ માર્ગ પરથી લપસી જઈને ખાબકી ગઈ હતી. ૧૦ લોકોને ઈજા થઈ હતી. જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. પશ્ચિમી નેપાળમાં સ્થાનિક રિશિકેશ મંદિર જવા યાત્રા માટે ભારતીય જીપ આ તમામ યાત્રીઓએ કરી હતી. પશ્ચિમી નેપાળના ગુલમી જિલ્લા તરફ જઈ રહી હતી ત્યારે આ દુર્ઘટના સર્જાઈ હતી.

દાલમિયા સીએબીના પ્રમુખ તરીકે યથાવત રહે તેવી વકી

કોલકતા, તા.૨૮

ક્રિકેટ એસોસીએશન ઓફ બેંગાલ (સીએબી)ના પ્રમુખ તરીકે જગમોહન દાલમિયા સતત પાંચમી ટર્મમાં મેળવે તેવી શક્યતા છે. ગુરુવારે સીએપીની ૮૧મી વાર્ષિક સામાન્ય સભા મળવાની છે. જેમાં ઓછા જાણીતા સમર પોલ દાલમિયા સામે ઝુકાવે તેવી શક્યતા છે. ૨૦૦૭-૦૮ દરમ્યાન સંયુક્ત સચિવ પોલે સીએવીમાં ક્યારેય ચૂંટણી ન હારેલા આઈસીસી અને બીસીસીઆઈના પૂર્વ વડા દાલમિયાને ટક્કર આપશે. તેઓ આર્યન કલબનું પ્રતિનિધિત્વ કરે છે. પોલે આ અંગે કહ્યું હતું કે, ૩૦ વર્ષથી દાલમિયા સીએબીમાં છે. હવે તેમને અટકાવીને પારદર્શિકતા લાવવા માંગીએ છીએ. પોલ અત્યાર સુધીમાં સીએબીની છમાંથી માત્ર એક જ ચૂંટણી જીતી શક્યો છે. તેણે ટીમ ઈન્ડિયાના પૂર્વ સુકાની સૌરવ ગાંગુલીનો પણ ટેકો મળવાની આશા વ્યક્ત કરી હતી. ગાંગૂલી બરીશા સોર્ટીંગ કલબનો મહાસચિવ છે. જો કે તેના પિતાની તબિયત લથડી હોવાથી ગાંગૂલી એજીએમમાં હાજર રહેશે કે નહીં તે હજુ નક્કી નથી. છેલ્લા પાંચ વર્ષમાં આ બીજો બનાવ જ છે કે ૩૨ વર્ષીય અને છેલ્લા ૩ દાયકાથી સીએબી પર રાજ કરતાં દાલમિયાને પડકાર ફેંકાયો છે. અગાઉ દાલમિયાંએ તત્કાલીન પોલીસ કમિશનર પ્રસુન મુખર્જીને સરળતાથી હાર આપીને સીએબીમાં પુનઃ સત્તા મેળવી હતી. ૧૯૯૩થી દાલમિયા સીએબીના વડા છે. જો કે ૧૯૯૩થી અત્યાર સુધીના ગાળામાં તેઓ માત્ર ૧૯ મહિના જ સીએબીના વડા રહ્યા ન હતા. રિસેમ્બર ૨૦૦૬માં શરદ પવારના પ્રમુખ પદ હેઠળના બીસીસીઆઈએ તેમની વિરુદ્ધ નાણાંકીય ગેરરીતિના આક્ષેપો કરી પ્રતિબંધ લગાવ્યો હતો. આ વખતે પણ સીએબીમાં ૨૦૦૬ જેવી રસાકસી ચૂંટણીમાં થાય તેવી શક્યતા છે.